**International Journal of Advance and Applied Research**
www.ijaar.co.in
**ISSN – 2347-7075** **Impact Factor – 7.328**
**Peer Reviewed** **Bi-Monthly**
**Vol.9 No.6** **July – Aug 2022**

# ગ્રામ વિકાસ અને તેને અસર કરતાં પરિબળો

**ડો. મનહરભાઈ ચરપોટ**
**એસોસિએટ પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ શ્રી આટ્ર્સ કોલેજ ફતેપુરા**

**સારાંશ:**

વિકાસ એ નિરંતર ચાલતી એક બહુઆયામી અને જટિલ પ્રક્રિયા છે. સર્વ સ્પર્શી, સર્વગ્રાહી, સમતોલ અને અક્ષય વિકાસ એ કોઈપણ રાષ્ટ્રની ઝંખના અને અગ્રિમતા હોય છે. વિકાસના સંદર્ભમાં પૂર્વ અને પશ્ચિમના દેશોની તુલના કરવામાં આવે છે. આપના દેશની વાત કરીએ તો પણ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક જેવા રાજ્યોને બીજા રાજયોની સરખામણીમાં વધુ વિકસિત માનવામાં આવે છે. આઝાદી બાદ ભારતે અનેકવિધ ક્ષેત્રે પ્રગતિ કરી છે અને વિકાસની દિશામાં સારી એવી પ્રગતિ મેળવી છે. તેમ છતાં રાષ્ટ્રીય જીવનના અન્ય પાસાના એકંદર વિકાસની સાથે ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ તાલ મેળવી શક્યો નથી. ગ્રામ વિકાસ વર્ષોથી રાજકીય નીતિ ઘડતર અને નિર્ણયકરણમાં અંદર-બહાર થતું રહ્યું છે, અને છેવટે તેને આયોજનમાં સંકલિત ખ્યાલ સ્વરૂપે દાખલ કરવામાં આવ્યું છે. ગ્રામ વિકાસ ફક્ત એટલા માટે જ જરૂરી નથી કે આપની મોટા ભાગની વસ્તી ગામડામાં વસે છે પરંતુ દેશ ના આર્થિક ક્ષેત્ર ને વેગ ફક્ત ગ્રામ વિકાસ દ્વારા જ આપી શકાય છે. ગ્રામ વિકાસ એ ગ્રામ અર્થતંત્રના સમગ્ર લક્ષી વિકાસ સાથે સંકળાયેલ એક પવિત્ર ખ્યાલ છે. અત્રે પ્રસ્તુત સંશોધન પત્રમાં ગ્રામ વિકાસ અને તેને અસર કરતાં પરિબળોની ચર્ચા કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દ:** પ્રસ્તાવના, વિકાસનું મહત્વ, હેતુઓ, પરિબળો.

## પ્રસ્તાવના:

ભારત એ ગામડાઓનો બનેલો દેશ છે. ત્યાં ૨/૩ જેટલી વસ્તી રહે છે. જે રાષ્ટ્રીય વિકાસની કરોડરજ્જૂ કહી શકાય. એટલે જ ગામડાઓના વિકાસ વિના રાષ્ટ્રનો વિકાસ શકી નથી એમ કહીએ તો કોઈ અતિશયોક્તિ નથી. ભારત માટે ફક્ત રાજનૈતિક આઝાદી પર્યાપ્ત નથી પણ એની આર્થિક સક્ષમતા પણ એટલી જ જરૂરી છે.

વિકાસ એ નિરંતર ચાલતી એક બહુઆયામી અને જટિલ પ્રક્રિયા છે. સર્વ સ્પર્શી, સર્વગ્રાહી, સમતોલ અને અક્ષય વિકાસ એ કોઈપણ રાષ્ટ્રની ઝંખના અને અગ્રિમતા હોય છે. તાત્કાલિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ટૂંકાગાળાના વિકાસ નહિઁ પરતું ટકાઉ અને કાયમી વિકાસ, ભાવિ પેઢીનો વિચાર કરીને તેમજ કુદરતી સંપતિ અને પર્યાવરણનું જતન અને સંતુલન જાળવીને વૃદ્ધિ અને વિકાસ કરવાની ચર્ચા છેલ્લા દસકાથી વૈશ્વિક સ્તરે કેન્દ્ર સ્થાને રહી છે. માત્ર વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ કે માત્ર આર્થિક વિકાસ નહીં પરંતુ પર્યાવરણીય સંતુલન જાળવી રાખીને સાથોસાથ માનવ વિકાસ પણ થવો જોઈએ તેવી વિકાસની સંકલ્પનાઓ વૈશ્વિક સ્તરે સર્વ સંમતિથી સ્વીકારાયો છે.

## વિકાસ એટલે શું?:

વિકાસ શબ્દનો પ્રયોગ આજે ખુબ જ પ્રચલિત અને સર્વ સામાન્ય બની ગયો છે. પરંતુ વિકાસની સંકલ્પના અંગે બૌદ્દિકોમાં સર્વ સંમતિ જોવા મળતી નથી. સમાન્ય રીતે વિકાસનો ખ્યાલ અત્યારે સાપેક્ષ તુલનના સંદર્ભમાં જોવા મળે છે. પશ્ચિમના દેશો વિકસિત દેશો છે. અને તેની સરખામણીમાં પૂર્વના દેશો વિકાસશીલ છે તેવું માનવામાં આવે છે. વિકાસના સંદર્ભમાં પૂર્વ અને પશ્ચિમના દેશોની તુલના કરવામાં આવે છે. આપના દેશની વાત કરીએ તો પણ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક જેવા રાજ્યોને બીજા રાજયોની સરખામણીમાં વધુ વિકસિત માનવામાં આવે છે. આથી કહી શકાય કે વિકાસએ સાપેક્ષ તુલનાત્મક ખ્યાલ છે.

## વિકાસનું મહત્વ:

વિકાસની સંકલ્પના વિશે સ્વાવલંબી અભિગમ ધરાવનાર મહાત્મા ગાંધીએ એવા અભિપ્રાયો વ્યક્ત કર્યા છે કે "જ્યાં સુધી ગરીબમાં ગરીબ માણસને વિકાસના કેન્દ્રમાં ન રાખવામા આવે ત્યાં સુધી લોકોની મુશ્કેલીઓ ઓછી ન થાય, તેમના જીવન ધોરણમાં નોંધપાત્ર સુધારો ન થાય અને તે લોકો કોઈપણ ભેદભાવ વિના વિકાસ પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ન ભજવે ત્યાં સુધી સાચા અર્થમાં વિકાસ શકી નથી." બીજી રીતે કહીએ તો ગામડાં ત્યારે જ વિકસિત થશે કે જ્યારે તે સ્થાનિક લોકોની પાયાની જરૂરિયાત

સંતોષવામાં આત્મનિર્ભર બને. પહેલાના સંદર્ભમાં એ જરૂરિયાત રોટી, કપડાં અને મકાન સુધી મર્યાદિત હતી પણ આજના વૈશ્વિક યુગમાં પારસ્પરિક નિર્ભરતા વધી છે સાથેસાથે સંકલનની મુશ્કેલીઓમાં પણ વધારો થયો છે. આથી હવે મહત્વપૂર્ણ એ છે કે લોકોના જીવન ઉત્થાન માટે કેવી રીતે વહીવટી, આર્થિક અને સામાજિક શોષણ અટકાવીને વિકાસ પ્રક્રિયાને પારદર્શક, શુદ્ધ અને ઝડપી બનાવવી વગેરે બાબતોનો વિચાર કરી આત્મવિશ્વાસ તેમજ આત્મનિર્ભરતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનું છે.

આઝાદી બાદ ભારતે અનેકવિધ ક્ષેત્રે પ્રગતિ કરી છે અને વિકાસની દિશામાં સારી એવી પ્રગતિ મેળવી છે. તેમ છતાં રાષ્ટ્રીય જીવનના અન્ય પાસાના એકંદર વિકાસની સાથે ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ તાલ મેળવી શક્યો નથી. ગ્રામ વિકાસ વર્ષોથી રાજકીય નીતિ ઘડતર અને નિર્ણયકરણમાં અંદર-બહાર થતું રહ્યું છે, અને છેવટે તેને આયોજનમાં સંકલિત ખ્યાલ સ્વરૂપે દાખલ કરવામાં આવ્યું છે. દેશના વિકાસમાની વર્તમાન અસંતુલા દૂર કરવા છેલ્લા કેટલાંક વર્ષોમાં રાષ્ટ્રીય નવનિર્માણમાં ગ્રામ વિકાસને કેન્દ્રમાં મોખરે મૂકવા જરૂરી પગલાં ભરવામાં આવ્યા છે.

ગ્રામીણ ક્ષેત્રની મોટાભાગની વસ્તી ગરીબી રેખાની નીચે જીવે છે. આમાં જમીન વિહોણા મજૂર, નાના અને સીમાંત ખેડૂતો, કારીગરો અને સમાજના અન્ય નબળા વર્ગોનો સમાવેશ થાય છે આ તમામ લોકો આર્થિક સંકામણ, શોષણ, ભેદભાવ અને માનસિક ત્રાસ વગેરેથી ખૂબ જ પ્રભાવિત હોય છે. તેઓની અતિશય ગરીબાઈ અને અમાનવીય રહેણાંક પરિસ્થિતિના કારણે જ નવી નીતિ નિર્ધારણમાં ગ્રામ્ય પ્રજા લક્ષી સુધારાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે. રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રિય કક્ષાએ આ લોકોની જીવનશૈલીમાં સુધારો કરવો એ મહત્વની ચર્ચાનો વિષય છે.

## ગ્રામ વિકાસના હેતુઓ:

ગ્રામ વિકાસના હેતુઓ આ પ્રમાણે ગણાવી શકાય.

- ગ્રામ્ય ગરીબોની સ્થિતિમાં સુધારો કરવો.
- ચોક્કસ પેદાશો અને સેવાઓની સામાજિક અને આર્થિક માળખા સ્વરૂપે પૂર્તતા કરવી.
- ગ્રામ વિસ્તારમાં વધારાની રોજગારીની તકો ઊભી કરવી.

તમામ ગ્રામ્ય કુટુંબોની આવકમાં વધારો કરવો અને ધ્યાન રાખવું કે આવનારા વર્ષોમાં ગરીબી રેખાની નીચે જીવતા લોકો તે પરિસ્થિતિમાંથી બહાર આવે અને આ માટે સતત પ્રયત્નશીલ રહેવું.

આ હેતુઓ પૂરા કરવા માટે યોગ્ય ગ્રામવિકાસલક્ષી વ્યૂહ-રચનાની જરૂર છે. આ વ્યૂહ રચના એ ગ્રામ્ય જીવનમાં સુધારા માટેની મૂળભૂત જરૂરિયાત છે. જેના દ્વારા રોજગારીની તકોમાં ઉમેરો કરીને ગ્રામીણ ક્ષમતામાં વધારો કરી શકાય છે. જે તેમની આર્થિક સ્થિતિમાં સુધારો કરે છે. ગ્રામ્ય વિકાસની સમગ્ર પ્રક્રિયા માટે તે જે વાતાવરણમાં કાર્યરત છે, તેની તમામ કામગીરીનું સંકલન જરૂરી છે, જે ચોક્કસ હેતુસર ભવિષ્ય માટે અમુક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. આ પરિસ્થિતિ ગ્રામ્ય વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. ગ્રામ્ય વિકાસ માટેની નિશ્ચિત જરૂરિયાતો છે જે આ મુજબ છે:

- ખેત પેદાશોનું યોગ્ય કિમતે વેચાણ થાય તે માટે બજારનું આયોજન કરવું.
- રાષ્ટ્રીય કૃત બેન્કો, સહકારી બેન્કો અને પ્રાદેશિક ગ્રામીણ બેન્કો જેવી ધિરાણ પૂરું પાડતી સંસ્થાઓ યોગ્ય સમન્વય.
- ગ્રામ્ય ક્ષેત્રે યોગ્ય કાચો માલ અને અન્ય નિપજોનો પૂરતો પુરવઠો પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા કરવી.
- ગ્રામ્ય લોકોની આવડત અને જ્ઞાનમાં સુધારો કરવો.

આમ, ગ્રામ વિકાસ ફક્ત એટલા માટે જ જરૂરી નથી કે આપની મોટા ભાગની વસ્તી ગામડામાં વસે છે પરંતુ દેશ ના આર્થિક ક્ષેત્ર ને વેગ ફક્ત ગ્રામ વિકાસ દ્વારા જ આપી શકાય છે. ગ્રામ વિકાસ એ ગ્રામ અર્થતંત્રના સમગ્ર લક્ષી વિકાસ સાથે સંકળાયેલ એક પવિત્ર ખ્યાલ છે. તે માળખાકીય સવલતો – જેવી કે, રસ્તા, વાહન વ્યવહાર, વીજળી, વિમાક્ષેત્ર, બેન્ક,ગ્રામીણ ઉદ્યોગો સસ્તા ઘર જેવી પાયાની જરૂરિયાતો સંતોષવી ઉપરાંત ગ્રામ્ય ગરીબી, બેરોજગારી, પોષણ અને સ્વાસ્થ્ય લક્ષી સગવડો, સ્થાનિક કલા અને કારીગરો વગેરેના વિકાસ સાથે સંકળાયેલ છે.

ગામડાઓમાં સામાજિક-આર્થિક માળખાનો, ગ્રામીણ સંસ્થાઓ તથા સંબંધોનું અને પ્રક્રિયાઓનું મૂળભૂત રૂપાંતર પૂર્ણ પણે સાકાર થયું નથી. આ સંદર્ભમાં ગ્રામ વિકાસની સાચી વ્યૂહ રચના એવી હોવી જોઈએ કે જેથી વિકાસનો લાભ ગામની પ્રજાને મળતા થાય. આ માટે સર્વ વ્યાપી વ્યવસ્થાપનના સામાન્ય સિદ્ધાંતો પ્રમાણે કઈ રીતે કાર્યો હાથ ધરી શકાય કે જેથી ઈચ્છિત વિકાસના લક્ષ્યાંકો નિર્ધારિત સેમી અને ઉપલબ્ધ સુવિધાઓના સંદર્ભમાં પૂરા થઈ શકે.

ગ્રામ્ય વિકાસની પ્રક્રિયાને અસર કરતાં પરિબળો અને તેના માટે જરૂરી વ્યવસ્થાપનના ક્ષેત્રો આ પ્રમાણે છે.

- પ્રતિકૂળ અવરોધક માનવ વલણો
- વસ્તી વધારો, ગરીબી અને બેકારી
- પાયાગત સુવિધાઓનો અભાવ
- યોગ્ય બજાર અને આર્થિક પ્રવૃત્તિઓનો અભાવ
- શૈક્ષણિક તેમજ તાલીમ વિષયક જરૂરિયાત

## વ્યવસ્થાપનની ભૂમિકા :

વ્યવસ્થાપનના મુખ્ય પાંચ કાર્યો છે. જે નીચે મુજબ ગણાવી શકાય.

- આયોજન
- વ્યવસ્થાતંત્રની ગોઠવણી
- માનવ – વલણો
- માહિતી સંચારના માધ્યમો
- અંકુશ

આ દરેક કાર્ય પ્રમાણે તેના યોગ્ય ઉપયોગ થકી જ્યારે વિકાસલક્ષી કાર્ય હાથ ધરવામાં આવે તો જ વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોને ક્રમબદ્ધ સફળતા મળી શકે છે.

**સારાંશ :**

ગ્રામ્ય વિકાસની વિભાવના અને પ્રક્રિયા વધુ વ્યાપક, સંકૂલ અને સમય તથા પ્રદેશ સાપેક્ષ હોય છે. કોઈપણ ચિંતન જે તે દેશની ભૌગોલિક, સઅમાજિક, સાંસ્કૃતિક પરિબળોના પરિનિવેશમાં જન્મતું અને વિકસતું હોય છે. વિકાસ એ લાંબાગાળાની સતત ચાલતી પ્રક્રિયા છે. શરૂઆતના ગાળામાં ઔદ્યોગિક વિકાસ, વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ, આર્થિક વિકાસને વિકાસના માનદંડો તરીકે સ્વીકારી દેશોમાં વિકાસની પ્રક્રિયાને મૂલવવામાં આવી. દાયકાઓ બાદ વિકાસનો આ ખ્યાલ એકાંગી લાગ્યો. વિકાસનો ખ્યાલ સમય જતાં સર્વાંગી બનવા લાગ્યો. સર્વ સ્પર્શી, સમતોલ અને વિભાવક્ષમ વિકાસની સંકલ્પના વધુ સ્પષ્ટ થવા લાગી. પર્યાવરણીય સંતુલન જાળવી રાખીને લાંબાગાળાનો ટકાઉ વિકાસ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. ભૌતિક વિકાસની સાથેસાથે માનવ વિકાસ પણ થવો જોઈએ તે બાબતનો નિર્વિવાદ પણે વૈશ્વિક સ્તરે સ્વીકાર કરવામાં આવ્યો છે. આમ ભારતમાં ગ્રામીણ વિકાસ પર ભાર આપવાની વિશેષ જરૂર છે.

**સંદર્ભ:**

1. Kalam, A. P. J. (2002). Abdul with Rajan Y.S., 'INDIA 2020 A Vision for the New Millennium", Penguin Books India Pvt Ltd, New Delhi.
2. Unaited Nations Development Programme, "Human Development Report (2014)", New York City, July 24, 2014.
3. ગાંધીજી, મોહનદાસ કરમચંદ, (2002). "હિન્દ સ્વરાજ", નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
4. વૈષ્ણવ, બિપિનચંદ્ર (સંપાદક)(૨૦૦૦) "ગ્રામમિત્ર સહાયક (ગોકુળ ગ્રામ અને અન્ય સહકારી યોજનાઓ)", નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ.
5. પ. ગાંધીજી, (સંકલન)(૧૯૫૯) પ્રભુ આર. કે., "પંચાયત રાજ",નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.